અરજી દાખલ કર્યા તારીખઃ– ૦૭/૧૧/૨૦૨૨
અરજી નોંધ્યા તારીખ :– ૦૭/૧૧/૨૦૨૨
અરજી ફેસલ કર્યા તારીખ :– ૧૬/૧૧/૨૦૨૨
અવધિ, વર્ષ – ૦૦, માસ– ૦૦ દિવસ –૦૯

**ધ્રાંગધ્રાના મહે. ત્રીજા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. ધ્રાંગધ્રા.**

**ફોજદારી પરુચુરણ અરજી નં. ૪૧૨/૨૦૨૨**
**આંક :–**

અરજદાર **:–** **મહમદ ઉર્ફે શેતાન વાઘાજી જત મલેક,**
ઉ.વ.આ.૨૮,ધંધો–મજુરી,
રહે. ધ્રુમઠ, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર.

::– **વિરુધ્ધ** –::

સામાવાળાઃ– શ્રી સરકાર.

બાબતઃ–ક્રિ.પો.કો.ક. ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી.

અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ. મકવાણા.
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ.

// **ચુ કા દો** //

**૧.** આ કામના આરોપી મહમદ ઉર્ફે શેતાન વાઘાજી જત મલેક નાઓની ધ્રાંગધ્રા તાલુકા પો. સ્ટે. ગુન્હા રજી. નં.૧૧/૨૦૨૦, ભારતીય દંડ સહીતાની કલમ–૩૮૦,૪૫૭,૧૧૪ મુજબના ગુનાના કામે તા.૨૭/૦૧/૨૦૨૦ ના રોજ ધરપકડ કરવામાં આવેલી. ત્યારબાદ આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન અરજી કરેલી જે ટ્રાયલ કોર્ટ ધ્વારા ગુણદોષ ઉપર નામંજુર થયેલી છે અને આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ છે ત્યારથી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ચાલી આવેલ છે, આરોપીએ ચાર્જશીટ અગાઉ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૫૯/૨૦૨૦ની કરેલી જે નામંજુર થયેલી

છે હાલ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ કરી તપાસ કરનાર પોલીસ અમલદારે સક્ષમ કોર્ટમાં ચાર્જશીટ ફો.કે.નં.૫૯૦/૨૦૨૦ થી રજુ કરી દીધેલ છે તેથી હાલના આરોપીએ ચાર્જશીટ બાદ બદલાયેલા સંજોગોમાં તેમજ આ કામના સહ આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા ફો.પ.અ.નં. ૩૮/૨૦૨૦ થી રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલી છે જેથી પેરીટીના ધોરણે ક્રિ.પો.કો.ક. ૪૩૯ અન્વયે હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા જામીન અરજી દાખલ કરેલી છે.

**૨.** આરોપીની રેગ્યુલર જામીન અરજી અન્વયે સામાવાળા/ ફરીયાદીને સમન્સ કરતા વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ હાજર થયેલ છે અને આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની આંક–૦૫ થી એફિડેવીટ રજુ કરી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા માંગણી કરેલ છે.

**૩.** આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી યુ. આઈ. મકવાણાની તથા ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી. પી. શ્રી વી.એચ.ભટ્ટ ની વિગતવાર દલીલો સાંભળવામાં આવી.

**૪.** અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ.મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે,હાલના આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પો. સ્ટે. નં.૧૧/૨૦૨૦, ભારતીય દંડ સહીતાની કલમ–૩૮૦,૪૫૭,૧૧૪ મુજબના ગુના નોંધતા આરોપીને તા.૨૭/૦૧/૨૦૨૦ ના રોજ ધરપકડ કરવામાં આવેલી. આરોપીએ ચાર્જશીટ અગાઉ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૫૯/૨૦ ની કરેલી જે નામંજુર થયેલી છે હાલ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ કરી તપાસ કરનાર પોલીસ અમલદારે સક્ષમ કોર્ટમાં ચાર્જશીટ ફો.કે.નં.૫૯૦/૨૦૨૦ થી રજુ કરી દીધેલ છે. વધુમાં આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી યુ.આઈ.મકવાણા ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી એ એફ.આઈ.આર. મુજબનો કોઈ ગુનો કરેલો નથી કે સદર ગુનામાં કોઈ મદદગારી કરેલી નથી કે સદર ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ ભજવેલ નથી તેમ છતા તપાસ કરનાર પોલીસ અધિકારીએ ખોટી રીતે સંડોવી દીધેલા છે. હાલ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે જેથી જો આરોપીને વધુ સમય જયુડી.કસ્ટડીમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે તેમજ આરોપી તેઓના કુટુંબના એક માત્ર કમાનાર વ્યકિત છે જો આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત ન કરવામાં આવે તો તેઓના કુટુંબને આર્થીક સહન કરવુ પડે તેમ છે. જો આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરશે નહી તેમજ આ

કામના સહ આરોપીઓને અત્રેની અદાલત ધ્વારા રેગ્યુલર જામીન મુકત કરેલા છે જેથી હાલના આરોપી ને પેરીટીના ધોરણે યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા જોઈએ.

**૫.** ફરીયાદપક્ષે વી.એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ ધ્વારા એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પો. સ્ટે. ગુન્હા રજી. નં.૧૧/૨૦૨૦, ભારતીય દંડ સહીતાની કલમ –૩૮૦,૪૫૭,૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે જેનો ફો.કે.નં.૫૯૦/૨૦૨૦ ટ્રાયલ કોર્ટમાં પેન્ડીગ છે આ કામના આરોપીએ અગાઉ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૫૯/૨૦૨૦ની કરેલી જે નામંજુર થયેલી છે આ કામના આરોપીઓએ એક બીજાની મદદગારીમાં ફરીયાદીના ગોડાઉનમાં રાખેલ એરંડાના ૫ કોથળા કિ. ૮,૦૦૦/– ની ચોરી કરી લઈ ગયેલાનો આક્ષેપ છે તેમાં હાલના આરોપીનુ તપાસ દરમ્યાન નામ ખુલવા પામેલ છે. વધુમાં વી.એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ ધ્વારા એવી દલીલ કરેલ છે કે,આ કામના આરોપી ગુનાહીત ભુતકાળ ધરાવે છે હાલના આરોપી સામે હાલના ગુના ઉપરાંત કુલ ૭ ચોરીને લગતા આઈ.પી.સી.તેમજ આર્મ્સ એકટ મુજબના ગુના નોધાયેલા છે. આમ હાલના આરોપી ગુના કરવાની ટેવવાળા છે જો આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરી ચોરગુનાને અંજામ આપે તેમ છે તેમજ જામીન મુકત થયેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા રહેલી છે તેમજ આરોપી જામીન મુકત થયે નાશી ભાગી જાય તેવી દહેશત રહેલી છે. તેમજ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ થવાની આરોપી સામેના કેસના સંજોગો બદલાતા નથી ઉલ્ટાનો આરોપી સામેનો કેસ મજબુત બને છે તેમજ જે આરોપીને અત્રેની અદાલત ધ્વારા રેગ્યુલર જામીન મુકત કરેલા છે તે આરોપીનો રોલ અને હાલના આરોપીનો રોલ અલગ અલગ હોય હાલના આરોપીને પેરીટીનો લાભ મળી શકે તેમ ન હોય, જેથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાની દલીલ કરી છે.

**૬.** બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને રેકર્ડ ઉપર થયેલ દલીલો તથા આ કામના તપાસ કરનાર પોલીસ અમલદારની આંક –૦૫ ની એફિડેવીટ તેમજ અન્ય પોલીસ પેપર્સની વિગતો વંચાણે લીધી. હવે, પોલીસની તારીખ ૧૫/૦૧/૨૦૨૦ ની એફ. આર. આર.લક્ષમાં લઈએ તો આ કામના ફરીયાદી ના ગોડાઉનમાં રાખેલ એરંડાના કોથળા નં. ૫ કિ. ૮,૦૦૦/– ની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયેલાનો આક્ષેપ છે, પરંતુ એફ.આઈ.આર.માં હાલના આરોપીનુ નામ નથી કે હાલના આરોપી પાસેથી પોલીસે કોઈ રીકવરી કે ડીસ્કવરી કરેલી હોય તેવુ તપાસના કાગળો જોતા રેકર્ડ ઉપર

આવેલ નથી, જેથી આરોપીની પોલીસે શંકાના આધાર ઘરપકડ કરેલ છે, તેવી આરોપીના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા ની દલીલ માનવા લાયક હોવાનુ જણાય છે.

૭. વધુમા આરોપીના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા એવી દલીલ કરી છે કે આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થયેલ છે અને પોલીસે ટ્રાયલ કોર્ટ સમક્ષ આક્ષેપિત ગુનાનુ ચાર્જશીટ રજુ કરી દીઘેલ છે જેથી પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેતી નથી અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **૧૯૯૨ (૦) જી.એલ.એચ. ઈ.એલ. ૨૦૫૭૦૮, જીતુભાઈ શનાભાઈ ભટ્ટ વિ.સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થયા બાદ ચાર્જશીટ સાથેના તમામ પેપર્સની હકીકતો લક્ષમાં લઈ આરોપી નવેસરથી જામીન અરજી કરી શકે છે જેથી આરોપીએ ચાર્જશીટ થયા બાદ બદલાયેલા સંજોગોમાં હાલની જામીન અરજી દાખલ કરેલ છે તેવી આરોપીના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા ની દલીલ તર્કસંગત હોવાનુ જણાય છે.

૮. વધુમા આરોપીના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા એવી દલીલ કરી છે કે, આ કામના આરોપી સ્થાનીક રહેવાસી છે અને આરોપી સામેના ગુનાની ટ્રાયલ ચાલવામાં લાંબો સમય લાગે તેમ છે તેમજ જો આરોપીને રેગ્યુલર જામીન મુકત ન કરવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે અને આરોપી તેમના ઘરના એક માત્ર કમાનાર સભ્ય છે તેવા સંજોગોમાં આરોપીને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની આરોપીના વિ.વ. શ્રી યુ.આઈ. મકવાણા ની દલીલ ગ્રાહય રાખવા પાત્ર હોવાનુ જણાય છે.

૯. વધુમા આરોપીના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણા એવી દલીલ કરી છે કે, આ કામે અન્ય સહ આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામા આવેલ છે અને નામ. ગુજ. હાઈકોર્ટ ધ્વારા **૨૦૧૧ (૩) જી.એલ.આર. પેજ ૧૯૯૯, રમેશભાઈ બટુભાઈ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ સહ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ હોય ત્યારે તેના જેવો એક સરખો રોલ હોય તેવા આરોપીને પણ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા જોઈએ તેવી આરોપીના વિ.વ.શ્રી યુ.આઈ. મકવાણાની દલીલ વજુદવાળી હોવાનુ જણાય છે.

**૧૦.** ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્રે એવી દલીલ કરી છે કે,આ કામના આરોપી ગુનાહીત ભુતકાળ ધરાવે છે હાલના આરોપી સામે હાલના ગુના ઉપરાંત કુલ ૭ ચોરીને લગતા આઈ.પી.સી.તેમજ આર્મ્સ એકટ મુજબના ગુના નોધાયેલા છે તેવા સંજોગોમાં જો આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરી થી ગુનાહીત પ્રવૃતિ આચરે તેમ છે જેથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાની માંગણી કરેલી છે, પરંતુ તપાસ કરનાર પોલીસ અમલદારની એફિડેવીટ જોતા આરોપીને કોઈપણ સક્ષમ અદાલત ધ્વારા આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવેલ નથી અને મોટા ભાગના ગુનામાં આરોપીની આક્ષેપિત ગુનામાં ધરપકડ ઘણા લાંબા સમય બાદ કરવામાં આવેલ છે અને આક્ષેપિત ગુનાની ફરીયાદ જયારે અજાણ્યા ઈસમો સામે આપવામાં આવેલ હોય ત્યારે આરોપીના ગુનાહીત ભુતકાળના કારણે આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાની વિ. એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્રની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

**૧૧**. આમ ઉપર મુજબની સમગ્ર ચર્ચાએ આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો તથા સદર ગુનામાં સજાની જોગવાઈ તથા રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની વિગતો લક્ષમાં લઈ આરોપીને લાંબા સમય સુધી જયુડીશીયલ કસ્ટડીમાં રાખી આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશન કરવા ને બદલે ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ અન્વયે મળેલ વિવેકાધિન સતાનો ઉપયોગ કરી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાના નિર્ણય ઉપર આવી હું નીચે મુજબનો હુકમ કરુ છુ.

// **હુ ક મ** //

૧. આરોપીની રેગ્યુલર જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી મહમદ ઉર્ફે શેતાન વાઘાજી જત મલેક રહે. ધ્રુમઠ, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર નાઓને ધ્રાંગધ્રા તાલુકા પો. સ્ટે.ગુન્હા રજી.નં.૧૧/૨૦૨૦, ભારતીય દંડ સહીતાની કલમ–૩૮૦,૪૫૭,૧૧૪ મુજબના ગુનામાં આરોપીએ રૂા. ૧૫,૦૦૦/–( અંકે રૂપિયા પંદર હજાર) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

**૧.** આરોપીએ પોલીસને તપાસમાં સાથ અને સહકાર આપવાનો રહેશે અને પોલીસ તપાસ અર્થે લેખીત જાણ કરીને બોલાવે ત્યારે આરોપીએ પોલીસ સમક્ષ અચુક હાજર થવાનુ રહેશે.

૨. આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે કોઈપણ રીતે ચેડા કરવા નહી કે સાહેદોને ધાક ધમકી આપવી નહી કે આવા પ્રકારના ગુનાનુ પુનરાવર્તન કરવુ નહી.

૩. આરોપીએ ટ્રાયલ દરમ્યાન સંબંધીત અદાલત સમક્ષ નિયમીત હાજર રહેવાનુ રહેશે.

૪. આરોપીએ સંબંધીત અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૫. આરોપીએ જામીન મુકત થયા બાદ દિન ૭ માં પોતાના કાયમી રહેણાંકનુ સરનામુ તથા પોતાના મોબાઈલ નંબની વિગતો સબંધીત કોર્ટ અને સબંધીત પોલીસ સ્ટેશન સમક્ષ આધારભુત પુરાવા સાથે રજુ કરવાનુ રહેશે.

૬. આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુકત થવા બાદ દિન ૭ માં સબંધીત કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનુ સોગંદનામુ દિન ૭ માં રજુ કરવાનુ રહેશે.

૭. આરોપીએ સબંધીત કોર્ટમાં જામીન રજુ કરવા.

૮. આરોપી ધ્વારા ઉપર જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આરોપીના જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

હુકમ આજ તા.૧૬મી માહે નવેમ્બર સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૧૧/૨૦૨૨
મું. ધ્રાંગધ્રા.

(ગિરીશકુમાર દેવરાજ પાસી)
યુ.આઈ.સી. જીજે ૦૦૫૦૭,
ત્રીજા એડી. સેશન્સ જજ,
ધ્રાંગધ્રા.